**તાપમાન**
મહત્તમ : ૨૭.૦ ડીગ્રી
લઘુતમ : ૨૬.૫ ડીગ્રી
ભેજ
સવારે ૧૦૦ ટકા ● સાંજે ૧૦૦ ટકા

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૧) અંક નં. ૧૨૩ ૧૩ જુલાઈ, ૨૦૧૬, બુધવાર ; અષાઢ સુદ - ૯ પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


## રાજનાથે અમેરિકાની યાત્રાને રદ કરી

શ્રીનગર,તા. ૧૨


કેન્દ્રિય ગૃહ પ્રધાન રાજનાથસિંહે જમ્મુ કાશ્મીરમાં ઉભી થયેલી વિસ્ફોટક સ્થિતિને ધ્યાનમાં લઈને તેમની અમેરિકાની યાત્રાને રદ કરી દીધી છે. રાજનાથસિંહ ૧૭મી જુલાઈથી અમેરિકાની યાત્રાએ પહોંચનાર હતા. કેન્દ્રિય ગૃહ પ્રધાન રાજનાથસિંહ હવે જમ્મુ કાશ્મીરમાં હિંસાના મામલે સંસદને માહિતી પણ આપશે. સંસદનુ મોનસુન સત્ર ૧૮મી જુલાઈના દિવસથી શરૂ થનાર છે. કાશ્મીરમાં એકંદરે સ્થિતીને ધ્યાનમાં લઈને આ નિર્ણય કરવામાં આવ્યો છે.

## કેન્દીય મંત્રીમંડળમાંથી બે મંત્રીના રાજીનામા

કેન્દ્રીય રાજ્યમંત્રી નઝમા હેપતુલ્લા અને કેન્દ્રીય રાજ્યમંત્રી જી.એમ. સિદ્ધેશ્વરાયે મંત્રી પદેથી રાજીનામુ આપ્યું હતું. રાષ્ટ્રપતિએ બંનેના રાજીનામાનો સ્વીકાર કર્યો હતો. મુખ્તાર અબ્બાસ અને બાબુલાલ સુપ્રિયોના વિભાગોમાં પણ ફેરફાર કરાયા છે.

# કાશ્મીર ખીણમાં વિસ્ફોટક સ્થિતિ

**બધા જિલ્લામાં સંચારબંધી યથાવત : ગિલાની સહિતના અલગતાવાદી હાલ કસ્ટડીમાં લેવાયા : સમગ્ર કાશ્મીર ખીણમાં મોબાઈલ, ઈન્ટરનેટ સેવા, ટ્રેન સેવા બંધ : શૈક્ષણિક સંસ્થાઓ બંધ : હિંસાગ્રસ્ત વિસ્તારોમાં સઘન સુરક્ષા : સેંકડો ઘાયલ**



નવી દિલ્હી,તા. ૧૨

જમ્મુ કાશ્મીરમાં હિંસક પ્રદર્શનનો દોર જારી રહ્યો છે. આજે સતત ચોથા દિવસે તંગ સ્થિતિ રહી હતી. હિઝબુલ મુઝાહિદ્દીનના આતંકવાદી બુરહાન વાનીને એન્કાઉન્ટરમાં ઠાર મારી દેવામાં આવ્યા બાદ સુરક્ષા દળો અને દેખાવકારો વચ્ચે રક્તપાતનો દોર જારી રહ્યો છે. બીજી બાજુ હિંસક પ્રદર્શનના દોરમાં મોતનો આંકડો વધીને એકબાજુ ૩૦થી ઉપર પહોંચી ગયો છે. હિંસક અથડામણમાં મોટી સંખ્યામાં લોકો ઘાયલ પણ થયા છે. બીજી બાજુ કાશ્મીર ખીણના તમામ ૧૦ જિલ્લામાં સંચારબંધી આજે પણ યથાવતરીતે જારી રાખવામાં આવી હતી. તમામ જગ્યાએ સઘન સુરક્ષા વચ્ચે તંગ સ્થિતી રહેલી છે. હિઝબુલ મુજાહિદીન ના કમાન્ડર બુરહાર વાનીનામોત બાદ કાશ્મીરમાં વિરોધ પ્રદર્શનની શરૂઆત થઈ હતી. બીજી બાજુ ઘાયલ થયેલા લોકોની સંખ્યા હવે સેંકડોમાં પહોંચી ચુકી છે. વાનીના મોત બાદ કાશ્મીર ખીણના તમામ ૧૦ જિલ્લામાં સંચારબંધી યથાવતરીતે જારી છે. ઈન્ટરનેન્ટ પણ બંધ છે. પોલીસ સુત્રોના કહેવા મુજબ છેલ્લા ચાર દિવસમાં સૌથી વધારે મોત અનંતનાગ જિલ્લામાં થયા છે. અહીં હિંસામાં ૧૩ લોકોના મોત થયા છે અને મોટી સંખ્યામાં લોકો ઘાયલ થયા છે.

● અનુસંધાન પાન-૭ પર

## કાશ્મીર મામલે પ્રધાનમંત્રીએ પરિસ્થિતિની સમીક્ષા કરી

**લોહિયાળ હિંસાના મુદ્દે ચર્ચા વિચારણા : બેઠકમાં રાજનાથસિંહ, વિદેશ મંત્રી સુષ્મા સ્વરાજ અને સંબંધિતો સાથે વાતચીત : નરેન્દ્ર મોદીને માહિતી અપાઈ**



શ્રીનગર,તા. ૧૨

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે સવારે સ્વદેશ પરત ફરતાની સાથે જ જમ્મુ કાશ્મીરમાં ઉભી થયેલી સ્થિતીની સમીક્ષા કરવા માટે ઉચ્ચસ્તરી બેઠક યોજી હતી. જેમાં કેન્દ્રિય ગૃહ પ્રધાન રાજનાથસિંહ, સંરક્ષણ પ્રધાન મનોહર પારિકર અને નાણાં પ્રધાન અરૂણ જેટલી, એનએસએ અજીત દોવાલ, વિદેશ સચિવ એસ જયશંકર, અન્ય અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ બેઠકમાં હિઝબુલ મુઝાહિદીનના આતંકવાદી બુરહાન વાનીને ઠાર મારી દેવામાં આવ્યા બાદ દેખાવકારો અને સુરક્ષા દળો વચ્ચે થયેલી હિંસક અથડામણનો મુદ્દો છવાયો હતો. જમ્મુ કાશ્મીર હાલમાં હિંસક અથડામણના કારણે હચમચી ઉઠ્યું છે. બીજી બાજુ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પણ વિદેશ યાત્રાથી પરત ફર્યા બા આજે કાશ્મીરની સ્થિતી અંગે માહિતી મેળવી હતી. દરમિયાન કેન્દ્રિય ગૃહ પ્રધાન રાજનાથસિંહે તેમની અમેરિકાની યાત્રાને રદ કરી દીધી છે. રાજનાથસિંહ ૧૭મી જુલાઈથી અમેરિકાની યાત્રાએ પહોંચનાર હતા. કેન્દ્રિય ગૃહ પ્રધાન રાજનાથસિંહ હવે જમ્મુ કાશ્મીરમાં હિંસાના મામલે સંસદને માહિતી પણ આપશે. સંસદનુ મોનસુન સત્ર ૧૮મી જુલાઈના દિવસથી શરૂ થનાર છે. કાશ્મીરમાં એકંદરે સ્થિતીને ધ્યાનમાં લઈને આ નિર્ણય કરવામાં આવ્યો છે.

# આસામ અને મધ્યપ્રદેશમાં પુરની પરિસ્થિતિ વણસી

**બંને રાજ્યોમાં લાખો લોકો સકંજામાં આવ્યા : આસામમાં ૩૦થી વધુ, મધ્યપ્રદેશમાં ૨૨થી વધુ લોકોના મોત : રાહત કેમ્પોમાં હજારો લોકોને ખસેડવામાં આવ્યા**



ગુવાહાટી,તા. ૧૨

આસામ અને મધ્યપ્રદેશમાં પુરની વિસ્ફોટક સ્થિતિ સર્જાયેલી છે. બંને રાજ્યોમાં મોટી સંખ્યામાં લોકોના મોત થયા છે. એકબાજુ મધ્યપ્રદેશમાં પુરના કારણે ૨૨ લોકોના મોત થઈ ગયા છે. બીજી બાજુ આસામમાં પુરના કારણે મોતનો આંકડો ૩૦થી પણ ઉપર પહોંચ્યો છે. બંને રાજ્યોના અનેક જિલ્લાઓ પુરના સકંજામાં આવી ગયા છે. ગુવાહાટીથી પ્રાપ્ત અહેવાલ મુજબ આસામમાં પુરની સ્થિતિ ગંભીર બનેલી છે. લાખો લોકોને અસર થઈ છે. બ્રહ્મપુત્ર નદીમાં પાણીની સપાટી ભયજનક સ્તરથી ઉપર પહોંચી ગઈ છે. બ્રહ્મપુત્રની સહાયક નદીઓમાં પણ આવી જ સ્થિતિ છે. સેંકડો રસ્તાઓ તુટી ગયા

● અનુસંધાન પાન-૭ પર

# રાજ્યમાં ભારે વરસાદની આગાહી

**ભારે વરસાદની ચેતવણી બાદ એલર્ટની જાહેરાત : સૌરાષ્ટ્ર, દક્ષિણ ગુજરાતના વિવિધ ભાગોમાં ભારે વરસાદ જારી**

અમદાવાદ, તા.૧૨

ગુજરાતમાં ભારેથી અતિ ભારે વરસાદની ચેવતમી જારી કરવામાં આવ્યા બાદ તંત્ર સાબદુ થઈ ગયું છે. આગામી બે દિવસ દરમિયાન ભારેથી અતિ ભારે વરસાદ પડવાની હવામાન વિભાગે ચેતવણી જારી કર્યા બાદ સાવચેતીના તમામ પગલા લેવામાં આવી રહ્યા છે. ઉત્તર મધ્યપ્રદેશના મધ્ય ભાગો પર લોપ્રેશરની સ્થિતિ સર્જાઈ ગઈ છે જેની સીધી અસર હાલમાં જોવા મળી રહી છે. આજે ઉત્તર, મધ્યપૂર્વ અને દક્ષિણ ગુજરાતમાં તથા સૌરાષ્ટ્રમાં વરસાદનું જોરદાર જોર રહ્યું હતું. વલસાડના કપરાડામાં પાંચ ઈંચથી વધુ વરસાદ જ્યારે લુણાવાડામાં ચાર ઈંચથી વધુ વરસાદ નોંધાયો છે. રાજયભરમાં આજે ૩૧ તાલુકાઓમાં એકથી ત્રણ ઈંચ અને ૨૭ તાલુકામાં અડધાથી એક ઈંચ વરસાદ થયો છે. ૫૯ તાલુકાઓમાં નોંધપાત્ર વરસાદ થયો છે જેમાં સંતરામપુર તાલુકામાં ચાર, ધરમપુર, ખેરગામ, મહુધામાં ત્રણ ઈંચ, કપરાડા, ઈડર, કપડવંજ, ધાનપુર, સુબીર, કંડાણા અને મેઘરજમાં બેથી વધુ ઈંચ વસાદ થયો છે. રાજયમાં વરસી રહેલા વરસાદે છેલ્લા ચોવીસ કલાક દરમિયાન ઉત્તાર-પૂર્વમધ્ય અને દક્ષિણ ગુજરાતમાં વરસવાનું ચાલુ રાખ્યું છે. રાજયના ૭૮ તાલુકાઓમાં નોંધપાત્ર વરસાદ થયો છે. જેમાં ડાંગ જિલ્લાના ૧૧૩ મી.મી., વલસાડ જિલ્લાના કપરાડામાં ૧૦૫ મી.મી., મહેસાણા જિલ્લાના મહેસાણામાં ૧૦૪ મી.મી., અને મહિસાગર જિલ્લાના લુણાવાડામાં ૯૮ મી.મી. મળી કુલ ચાર તાલુકાઓમાં ચાર ઈંચથી વધુ વરસાદ વરસ્યો હોવાના અહેવાલો છે. રાજયના સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટર દ્વારા

● અનુસંધાન પાન-૭ પર

















